# વેપારી પાસે 10 લાખની ખંડણી માંગનાર ઝડપાયા

**પાલ** પોલીસે વેશપલટો કરી ફિલ્મી ઢબે વોચ ગોઠવી આરોપીઓને દબોચ્યા, મોજશોખ માટે કાવતરું રચ્યાની કબૂલાત

સુરતઃ પાલના મોનાર્ક કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં પરફ્યુમના વેપારીને ચપ્પુ બતાવી રૂ.10 લાખની ખંડણી માંગવાના બનાવમાં પાલ પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીને ઝડપી પાડ્યા છે. આરોપીઓએ મોજશોખ અને ઝડપથી પૈસા કમાવાની લાલચે વેપારીને નિશાન બનાવ્યાનું પોલીસ સમક્ષ કબૂલ્યું હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસના જણાવ્યા મુજબ, અડાજણના પરમ રો-હાઉસમાં રહેતા અને પરફ્યુમના વેપારી જૈમિન સુરેશભાઈ ડોબરિયા પાલ સ્થિત મોનાર્ક કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં કાર પાર્ક કરીને લિફ્ટ તરફ જઈ રહ્યા હતા. તે સમયે સ્પ્લેન્ડર મોટરસાઈકલ પર આવેલા ત્રણ શખ્સે તેમને આંતરી મારઝૂડ કરી ચપ્પુ છાતી પર ધરી રૂ.10 લાખની ખંડણી માંગી હતી. રૂપિયા નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી ત્રણેય આરોપી ફરાર થઈ ગયા હતા. ફરિયાદ મળતા જ પોલીસ તપાસમાં બાતમીના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં દેવ અનિલભાઈ પટેલ (ઉં.વ.22, શાકભાજીનો વેપાર, રહે., ભગવાન પાર્ક સોસાયટી, અડાજણ, મૂળ ભટલાઈ, તા.ચોર્યાસી), યશ રાજેશભાઈ બારૈયા (ઉં.વ.22, રહે., ઓરોવીલ સોસાયટી, ભટાર રોડ, મૂળ સાવરકુંડલા, જિ.અમરેલી) અને યશ દિનેશભાઈ ગલચર (ઉં.વ.24, ટેક્સટાઈલ કંપનીમાં નોકરી, રહે., અંબિકા સદન, સૈયદપુરા)ને પકડી પાડ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં ત્રણેય આરોપીએ મોજશોખના ખર્ચા પૂરા કરવા અને સરળતાથી મોટી રકમ મેળવવાના ઈરાદે ખંડણીનું કાવતરું રચ્યાની કબૂલાત કરી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

# શ્રીજીની મૂર્તિઓ સીધી 20% મોંઘી થઈ

**માટી-કલર** મોંઘા થયા, મુંબઈથી ટ્રક ભાડું 25000 પર પહોંચ્યું અને કારીગરોનો રોજ વધતાં પડતા પર પાટુ



સુરતઃ ગણેશ ઉત્સવ આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે વિઘ્નહર્તાને આકાર આપતા મૂર્તિકારો પોતે જ આ વર્ષે મુશ્કેલીઓના પહાડ હેઠળ દબાયા છે. દર વર્ષે જે મૂર્તિકારો ભક્તોના ઘરે આનંદ લાવવા દિવસ-રાત મહેનત કરે છે. તેઓ આ વર્ષે કુદરતી આપત્તિ અને અસહ્ય મોંઘવારીના બેવડા મારથી લાચાર બન્યા છે. પરિણામે, ચાલુ વર્ષે ગણેશજીની પ્રતિમાઓના ભાવમાં 20 થી 25 ટકાનો ધરખમ વધારો જોવા મળી રહ્યો છે, જેની સીધી અસર ભક્તોના ખિસ્સા પર પડશે.

તાજેતરમાં આવેલા વિનાશક ખાડીપૂરના કારણે અનેક મૂર્તિકારોના કારખાનાઓ અને વર્કશોપમાં પાણી ભરાઈ ગયા હતા. લાંબો સમય સુધી પાણી ભરાઈ રહેવાને કારણે વર્ષભરની મહેનતથી તૈયાર થયેલી માટી અને પીઓપીની સેંકડો મૂર્તિઓ ગળી ગઈ અને નષ્ટ પામી હતી. આ પૂરના લીધે મૂર્તિકારોને લાખો રૂપિયાનું ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. હજી આ આઘાતમાંથી તેઓ બહાર આવે તે પહેલાં જ મોંઘવારીએ મૂર્તિકારોની કમર તોડી નાખી છે.

મૂર્તિ બનાવવા માટેનું રો-મટીરીયલ અને કલર-કેમિકલ અતિશય મોંઘા થઈ ગયા છે. મુંબઈથી આવતી રો-મટીરીયલની ટ્રકોના ભાડાં અસાધારણ રીતે વધીને સીધા રૂપિયા 25000 પર પહોંચી ગયા છે. આ સાથે જ મૂર્તિઓ બનાવવા માટે ખાસ વપરાતી ભાવનગરની પ્રખ્યાત ક્લે (માટી) ના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. ટ્રાન્સપોર્ટેશન અને કાચા માલના ઊંચા દામના લીધે મૂર્તિ બનાવવાનો મૂળ ખર્ચ બમણો થઈ ગયો છે.

સ્થાનિક મૂર્તિકાર વિશાલ સોની જણાવે છે કે, "એકતરફ ખાડીપૂરમાં બનેલો માલ નાશ પામ્યો અને બીજી તરફ કાચો માલ એટલો મોંઘો થયો છે કે ધંધો કરવો મુશ્કેલ બન્યો છે. કારીગરોની દૈનિક મજૂરી પણ વધી ગઈ છે. અમારી મજબૂરી છે કે અમારે ભાવ વધારવા પડ્યા છે, નહીંતર ઘર ચલાવવું પણ મુશ્કેલ બને." અન્ય મૂર્તિકાર જતીન ઘોષે કહ્યું કે, કારીગરોના પગારમાં સીધો 10થી 15 હજારનો વધારો થયો છે. ગેસ મોંઘો થતાં કારીગરોની રસોઈનો ખર્ચ પણ બમણો થયો છે. આ વર્ષે પાછલા વર્ષોની સરખામણીએ ભક્તોને મૂર્તિ 20 ટકા મોંઘી પડશે. આ તમામ આર્થિક અને કુદરતી આફતો વચ્ચે પણ મૂર્તિકારો રાત-દિવસ એક કરીને બાપ્પાની સુંદર પ્રતિમાઓને આખરી ઓપ આપી રહ્યા છે. મુશ્કેલીઓની આ અણી પર પણ, ભક્તોની અતૂટ આસ્થાને કોઈ આંચ ન આવે તે માટે મૂર્તિકારો પૂરા દિલથી વિઘ્નહર્તાની સેવામાં લાગેલા છે.

વિડિયો જોવામાં QR કોર્ડ સ્કેન કરો

# મનપાના ઇતિહાસમાં પ્રથમ વખત ઉચ્ચ અધિકારીઓની તીવ્ર અછત

**ચાર** કાર્યપાલક ઇજનેર સસ્પેન્ડ છે, એક રજા પર, એકનું રાજીનામું, હાલ માત્ર 11થી ગાડું ગબડશે

**સિટી** ઇજનેર, 5 ડે.કમિશનેર, 4 એડિ સિટી ઇજનરે અને 6 આસિ. કમિશનરની જગ્યા પણ ખાલી

સુરત : આશરે રૂ. 11 હજાર કરોડનું વાર્ષિક બજેટ ધરાવતી સુરત મહાનગરપાલિકા હાલમાં છેલ્લા પાંચ દાયકાના ઈતિહાસમાં પ્રથમ વખત ઉચ્ચ અધિકારીઓની મોટી અછતનો સામનો કરી રહી છે.

સુરત મનપાના નવ ઝોન ઉપરાંત પાણી પુરવઠા, ડ્રેનેજ, સ્ટ્રીટલાઇટ, બીઆરટીએસ, ટ્રાફિક, ગાર્ડન, હાઉસિંગ, હાઉસિંગ સેલ, રસ્તા, સિટી ઈજનેર સ્પેશિયલ સેલ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ જેવા મહત્ત્વના વિભાગોમાં કરોડો રૂપિયાના વિકાસકામો ચાલી રહ્યા છે. આ તમામ વિભાગોની કામગીરી માટે બજેટમાં મોટી રકમ ફાળવવામાં આવી હોવા છતાં હાલ સમગ્ર વ્યવસ્થાનો આધાર માત્ર 11 કાર્યપાલક ઈજનેરો પર છે. કાર્યપાલક ઈજનેર કેતન દેસાઈ, વિપુલ ગણેશવાલા, સુજલ પ્રજાપતિ અને જયાંગ રામજીવાલા સસ્પેન્ડ હોવાથી ફરજ પર નથી. ઉપરાંત કાર્યપાલક ઈજનેર રૂપેશ શાહે રાજીનામું આપી દીધું છે, જ્યારે મીતા ગાંધી લાંબી રજા પર છે. પરિણામે હાલ ફરજ બજાવતા કાર્યપાલક ઈજનેરોને એક કરતાં વધુ ઝોન અને વિભાગોની જવાબદારી સંભાળવી પડી રહી છે. માત્ર કાર્યપાલક ઈજનેરો જ નહીં, પરંતુ હાલમાં 5 ડેપ્યુટી કમિશનર, ચાર એડિશનલ સિટી ઈજનેર અને 6 આસિસ્ટન્ટ કમિશનરની જગ્યાઓ ભરાઈ નથી. આસિસ્ટન્ટ કમિશનરની જગ્યાઓ પર ઈન્ચાર્જ અધિકારીઓ દ્વારા કામકાજ ચલાવવામાં આવી રહ્યું છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે ટેકનિકલ વિભાગમાં કમિશનર પછીનું સૌથી મહત્ત્વનું ગણાતું સિટી ઈજનેરનું પદ પણ લાંબા સમયથી ખાલી છે. પરિણામે ટેકનિકલ નિર્ણયો, મોટા પ્રોજેક્ટની દેખરેખ અને સંકલનમાં અસર પડવાની શક્યતા વધી રહી છે.

### ચીફ એકાઉન્ટન્ટ, મુખ્ય લો-ઓફિસર, વિજિલન્સમાં પણ ઈનચાર્જ અધિકારી

મનપાના ટેકનિકલ વિભાગ અને કલમ 45 હેઠળના ઉચ્ચ અધિકારીઓની તીવ્ર અછત વચ્ચે મહત્ત્વની મનપાની ચીફ એકાઉન્ટન્ટ, મુખ્ય લો ઓફિસર અને વિજિલન્સ ઓફિસરની જગ્યા પર પણ ઇન્ચાર્જ નિમણુંકો કરીને ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે

### મનપાના કાર્યપાલક ઈજનેર રૂપેશ શાહના સ્વૈચ્છિક રાજીનામા અંગે શનિવારે નિર્ણય

સુરતઃ સુરત મહાનગર પાલિકાના ઉધના ઝોન-બીમાં ફરજ બજાવતા કાર્યપાલક ઈજનેર રૂપેશ શાહ દ્વારા હાલમાં જ સ્વૈચ્છિક રાજીનામુ મૂકવામાં આવ્યું હતું. જે અંગે ગુરુવારે સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવતાં આગામી દિવસોમાં આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. અંગત સ્વાસ્થ્ય અને પારિવારીક કારણોસર રૂપેશ શાહ વધુ ફરજ બજાવી શકે તેમ ન હોવાને કારણે તેઓ દ્વારા થોડા સમય પૂર્વે જ સ્વૈચ્છિક રાજીનામું મૂકવામાં આવ્યું હતું. સુરત મહાનગર પાલિકામાં છેલ્લાં 30 વર્ષ સુધી આરએસસીમાં ફરજ બજાવનાર રૂપેશ શાહની ગત જાન્યુઆરી મહિનામાં ઉધના ઝોન-બીમાં કાર્યપાલક ઈજનેર તરીકે બદલી કરવામાં આવી હતી. જો કે, ગત 7મી જુલાઈએ તેઓ દ્વારા સ્વૈચ્છિક રાજીનામું મૂકી દેવામાં આવ્યું હતું. જેના પગલે પાલિકાનાં વર્તુળોમાં પણ તરેહતરેહની ચર્ચાએ જોર પકડ્યું હતું. અલબત્ત, રૂપેશ શાહ દ્વારા અંગત સ્વાસ્થ્ય અને પારિવારિક કારણોસર તેઓ વધુ ફરજ બજાવી શકે તેમ ન હોવાને કારણે નિયમાનુસાર નોટિસ-પે ભરીને રાજીનામું મંજૂર કરવા માટે રજૂઆત કરી હતી. જેને ધ્યાને રાખી મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા ગુરુવારે સ્થાયી સમિતિ સમક્ષ રૂપેશ શાહનું રાજીનામું મંજૂર કરવા અંગેની દરખાસ્ત રજૂ કરતાં હવે શનિવારે સંભવતઃ તેઓનું રાજીનામું મંજૂર કરવામાં આવશે.

## વરાછામાં એક ફૂટના રેમ્બો છરા સાથે યુવક ઝડપાયો

સુરતઃ વરાછા પોલીસે ૨૫ સેન્ટીમીટર લાંબો ઘાતક 'રેમ્બો છરો' સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસ વરાછાની કાળીદાસ નગર સોસાયટી પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે એક યુવક શંકાસ્પદ હાલતમાં નજરે પડતા પોલીસે તેની તલાશી લેતાં યુવકના કમરના ભાગેથી કપડાંની અંદર છુપાવેલો એક મોટો અને અત્યંત તીક્ષ્ણ રેમ્બો છરો મળી આવ્યો હતો. પોલીસે આ હથિયાર રાખવા અંગેનો પરવાનો કે યોગ્ય કારણ પૂછતા યુવક કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. પોલીસે જપ્ત કરેલા સ્ટીલના હાથાવાળા છરાની માપણી કરતાં તેની કુલ લંબાઈ ૨૫ સેન્ટીમીટર હોવાનું બહાર આવ્યું હતું, પોલીસે પકડાયેલા સહદેવ દદુભાઈ ગોહીલ (ઉં.વ.૨૦, મજૂરી કામ, રહે., ૩૦૮, ભરતનગર સોસાયટી, વરાછા, સુરત) સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ધરપકડનો લાઈવ વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

# ટેબલ ટેનિસ રમ્યા બાદ સુરતના તબીબ અચાનક જ ઢળી પડયા

**સુરત** ટેનિસ ક્લબમાં CPR આપી બચાવવાના પ્રયાસો થયા, કાર્ડિયાક એરેસ્ટ બાદ હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ જીવનદીપ બુઝાયો



સુરતઃ શહેરના ચોકબજાર વિસ્તારમાં ખાનગી હોસ્પિટલનું સંચાલન કરતા અને જાણીતા સર્જન તરીકે ઓળખાતા ડો. ફિરોઝ ખાનનું શુક્રવારે સાંજે કાર્ડિયાક અરેસ્ટના કારણે આકસ્મિક નિધન થતાં તબીબી જગત તેમજ શહેરમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

મળતી માહિતી મુજબ, રાંદેર ગોરાટ રોડ પર આવેલ સાનિયા રેસિડેન્સીમાં 59 વર્ષીય ડો. ફિરોઝ અસ્ફાક ખાન પરિવાર સાથે રહેતા હતા. તેઓ અને તેમના પત્ની ચોકબજાર પાસે ખાનગી હોસ્પિટલનું સંચાલન કરતાં હતા. ડો. ફિરોઝ ખાન અઠવાલાઈન્સ સ્થિત સુરત ટેનિસ ક્લબમાં નિયમિત રીતે ટેબલ ટેનિસ રમવા જતા હતા. શુક્રવારે સાંજે તેઓ નિવૃત્ત આવકવેરા અધિકારી રોય સાથે ટેબલ ટેનિસ રમ્યા બાદ આરામ કરવા ખુરશી પર બેઠાં હતા. તે દરમિયાન તેમને અચાનક કાર્ડિયાક અરેસ્ટ આવ્યો અને તેઓ બેભાન થઈ ઢળી પડ્યા હતા. ઘટનાની જાણ થતાં ટેનિસ ક્લબના સેક્રેટરી સીએ મયંક દેસાઈ તાત્કાલિક દોડી આવ્યા અને તેમણે ડો. ફિરોઝ ખાનને CPR આપવાનું શરૂ કર્યું હતું. CPR બાદ તેઓ થોડા સમય માટે ભાનમાં પણ આવ્યાં હતાં. ત્યારબાદ ડો. નીતિન ગર્ગે પણ સતત બચાવના પ્રયાસો કર્યા અને એમ્બ્યુલન્સ મારફતે ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યાં હતાં. જોકે હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ તેમનું અવસાન થયું હતું.

# ભારત-યુકે ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ સુરતથી જ્વેલરીનું પ્રથમ કન્સાઈન્મેન્ટ રવાના

**સુરતના** ચાર નિકાસકારોએ રાષ્ટ્રીય સ્તરે આયોજિત 10 મિલિયન ડોલરની જ્વેલરી નિકાસ કરી




સુરત : ભારતમાં ડાયમંડની રાજધાની તરીકે પ્રસિદ્ધ તથા દુનિયામાં જેમ એન્ડ જ્વેલરી ઉત્પાદનનાં સૌથી મોટાં કેન્દ્રો પૈકીનાં એક સુરતે આજે એક ઐતિહાસિક ઉપલબ્ધિ મેળવી હતી. ભારત-યુકે કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ અંતર્ગત યુનાઈટેડ કિંગ્ડમ માટે જ્વેલરી નિકાસનાં પહેલા કન્સાઈન્મેન્ટને લીલી ઝંડી આપીને રવાના કરવામાં આવી હતી.

સુરત ડાયમંડ બુર્સ ખાતે GJEPC ગુજરાતની ઓફિસમાં યોજાયેલા આ સમારંભમાં સુરત SEZના ડેવલપમેન્ટ કમિશનર અને વિદેશી વેપારના જૉઈન્ટ ડાયરેક્ટર જનરલ અભિમન્યુ શર્મા, SEZના જૉઈન્ટ કમિશનર અને સ્પેસિફાઈડ ઑફિસર વિનોદ કુમાર ચંદ્રભાણ યેર્ને, વિદેશી વેપારના જૉઈન્ટ ડાયરેક્ટર જનરલ ડી. ટી. પરાટે,વિદેશી વેપારના ડેવલપમેન્ટ ઑફિસર સત્યદેવ ડી.,SDB કસ્ટમ્સના એપ્રેઈઝર રતનજય વિશ્વકર્મા અને GJEPCના ગુજરાત રિજનના રિજનલ ચેરમેન જયંતિભાઈ એન સાવલિયા,દિનેશ નાવડિયાની હાજરીમાં યોજાયો હતો.

### સુરત SEZથી ડાયરેક્ટ યુકે એક્સપોર્ટ થશે

સુરત SEZના ડેવલપમેન્ટ કમિશનર અને વિદેશી વેપારના જોઇન્ટ ડાયરેક્ટર જનરલ અભિમન્યુ શર્મા એ જણાવ્યું હતું કે,માત્ર ડાયમંડ જ્વેલરી નહીં પણ સુરત SEZ થી એગ્રી પ્રોડક્ટ,ફૂડ એન્ડ બેવરેજીસ,પરફ્યુમ એન્ડ કોસ્મેટિક પ્રોડક્ટ સહિત 30 સેગમેન્ટની પ્રોડક્ટ સુરતથી સીધી ઝીરો ટકા ડ્યુટી એક્સેસ સાથે એક્સપોર્ટ કરી શકાશે. પ્રોડક્ટનું ઓરિજિન સર્ટિફિકેટ પણ સુરતમાં જ મળશે. અત્યારે ભારત અને UK વચ્ચે કુલ વેપાર 66 બિલિયન US ડોલરનો છે.

### હજીરા ખાતે તળાવમાં નાહતી વખતે ડૂબી જતા વિદ્યાર્થીનું મોત

સુરતઃ હજીરા ખાતે તળાવમાં ન્હાતી વખતે પાણીમાં ડૂબી જતા વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની રંજનભાઈ બલીયા હાલમાં હજીરાગામમાં આવેલ માતા ફળિયામાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને હજીરાની ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમના સંતાન પૈકી 12 વર્ષીય પુત્ર રિયાન્સ ઘર પાસેની સરકારી સ્કૂલના ધોરણ 5માં અભ્યાસ કરતો હતો. તે ગુરુવારે બપોરે ઘર પાસે આવેલ ચાઇના ગેટ પાસેના તળાવમાં મિત્રો સાથે ન્હાવા માટે ગયો હતો. દરમિયાન તે પાણીમાં ડૂબી ગયો હતો. મિત્રોએ બૂમો પાડતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને તેને બેભાન હાલતમાં બહાર કાઢીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે રિયાન્સને મૃત જાહેર કર્યો હતો.

### સાયણ ચેક પોસ્ટ પાસેથી કતારગામના ટ્યુશન સંચાલકનો મૃતદેહ મળ્યો

સુરતઃ સાયણ ચેક પોસ્ટ પાસેથી કતારગામના ટ્યુશન સંચાલકનો મૃતદેહ મળી આવ્યો હતો. સંચાલકે ઝેર પીને આપઘાત કર્યો હોવાની શક્યતા હાલમાં વ્યક્ત કરવામાં આવી રહી છે. મળેલી માહિતી મુજબ, કતારગામ વિસ્તારમાં આવેલ કંતારેશ્વર મહાદેવ મંદિર પાસેની રઘુનંદન સોસાયટીમાં નિલેશભાઈ રમણીકભાઇ રાબડિયા (46 વર્ષ) ટ્યુશન સંચાલક હતા. ગુરુવારે મોડી રાત્રે સાયણ ચેક પોસ્ટ પાસેથી ખુલ્લા ખેતરમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે તપાસ કરતા મૃતદેહ નિલેશભાઈનું હોવાનું જાણવા મળ્યું હતું. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પોસ્ટમોર્ટમ દરમિયાન નિલેશભાઈએ ઝેર પીને આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. અમરોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વચેટિયો પત્રકાર પરવાના અજમેર, દિલ્હી, મુંબઈ, યુપીમાં રોકાયો હતો

**રૂ.15** લાખની લાંચ કેસમાં પરવાના પઠાણના બે દિવસનાં રિમાન્ડ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના ગેરકાયદે બાંધકામનું ડિમોલેશન અટકાવવાના અવેજ પેટે કાર્યપાલક ઈજનેર વતી રૂ. ૧૫ લાખની લાંચ માંગી રૂ. ૪ લાખ સ્વીકારતા રંગેહાથ ઝડપાયેલા અને ત્યારબાદ નાસી છૂટેલા કથિત પત્રકાર મોહમ્મદ ઈસ્લામ ઉર્ફે પરવાના જમીલખાન પઠાણની ધરપકડ બાદ આજે તેને સ્પેશિયલ એસીબી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. એસીબી દ્વારા આરોપીના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી, જેની સામે કોર્ટે આરોપીના આગામી શનિવાર સુધીના બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. આ કેસમાં સરકાર પક્ષે આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર નીતિન ચોડવડિયા હાજર રહ્યા હતા.

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલકુમાર શશીકાંત ગણશેવાલાની સૂચનાથી જે અટકાવવા લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલ ગણશેવાલાના વતી પરવાના પઠાણે ફરિયાદી પાસેથી ડિમોલેશનની કાર્યવાહી અટકાવવાના બદલામાં રૂ.15 લાખની લાંચની માંગણી કરી હતી. તે પૈકી પ્રથમ હપ્તા તરીકે રૂ.4 લાખ સ્વીકારતી વખતે એસીબીના ટ્રેપ દરમિયાન આરોપી રોકડ રકમ સાથે ફરાર થઈ ગયો હતો.રિમાન્ડ અરજીમાં એસીબીએ જણાવ્યું હતું કે ટ્રેપ દરમિયાન આરોપી સાથે ફરાર થયેલી રૂ.4 લાખની લાંચની રકમ હજુ સુધી મળી આવી નથી. ઉપરાંત ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મોબાઈલ ફોન પણ આરોપીએ તપાસ એજન્સીને સોંપ્યો નથી. મોબાઇલમાંથી કોલ ડિટેઈલ, કોલ રેકોર્ડિંગ અને વોટ્સએપ ચેટ સહિતના ડિજિટલ પુરાવા મેળવવા જરૂરી હોવાથી તેની કસ્ટડી જરૂરી છે.

તપાસ દરમિયાન એસીબીએ એવી પણ રજૂઆત કરી હતી કે ગુનો નોંધાયા બાદ આરોપી અજમેર, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને મુંબઈમાં ફરાર રહ્યો હતો. આ દરમિયાન તેને કોનો આશ્રય અને આર્થિક મદદ મળી હતી તેની તપાસ કરવાની બાકી છે. ઉપરાંત કાર્યપાલક ઈજનેર વિપુલ ગણશેવાલા અને આરોપી વચ્ચે લાંચની વહેંચણી અંગે શું સમજૂતી હતી તેમજ અગાઉ અન્ય બિલ્ડરો અથવા કોન્ટ્રાક્ટરો પાસેથી પણ આવી રીતે લાંચ લેવાઈ હતી કે નહીં તે મુદ્દે પણ તપાસ આગળ વધારવાની જરૂર હોવાનું જણાવાયું હતું.

## મોટા વરાછાના વેપારીના ખિસ્સામાંથી રૂ.૭૩ હજારનો મોબાઈલ ચોરાયો

સુરતઃ મોટા વરાછામાં વેપારીના ખિસ્સામાંથી રૂ.73 હજારનો મોંઘોદાટ મોબાઈલ ચોરે સરકાવી લીધો હતો. મોટા વરાછા સુદામા ચોક પાસે આવેલી શ્રીનિધિ રેસિડેન્સીમાં રહેતા અને અશ્વિનીકુમાર ફૂલ માર્કેટ પાસે ટેક્સટાઈલનો ધંધો કરતાં સુનીલભાઈ તેજાણી વલ્લભાચાર્ય રોડ પર લારીએ ફ્રૂટ ખરીદી રહ્યા હતા, ભાવતાલ અને પસંદગી કરવાની વ્યસસ્તામાં કોઈ અજાણ્યો ખિસ્સાકાતરૂ નજર ચૂકવી તેમના શર્ટના ખિસ્સામાંથી રૂ.૭૩,૦૦૦ની કિંમતનો સેમસંગ S25 સ્માર્ટફોન ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

વેપારીએ આ અંગે કાપોદ્રા પોલીસ મથકમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરીને વલ્લભાચાર્ય રોડ અને આસપાસની દુકાનોના સીસીટીવી ફૂટેજ મેળવી ચોરને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે.

# પૂર સહાય પેકેજ માટે મનપામાં ઝોનવાર સમિતિઓની રચના કરાઇ

**કલેક્ટર** અને મ્યુનિસિપલ કમિશનરના સંયુક્ત આદેશથી સરવે-ચકાસણી અને સહાય મંજૂરીની પ્રક્રિયા શરૂ, અરજીની છેલ્લી તારીખ 30 સપ્ટેમ્બર

સુરતઃ તાજેતરમાં ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત થયેલા નાના, લઘુ અને મધ્યમ વેપાર, વાણિજ્ય તેમજ સેવાકીય એકમોને મુખ્યમંત્રી રાહત પેકેજ હેઠળ સહાય પહોંચાડવા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ઝોનવાર સમિતિઓની રચના કરવામાં આવી છે. કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરના સંયુક્ત આદેશ બાદ અરજીઓની ચકાસણી, સ્થળ પર સરવે અને સહાય મંજૂરીની કામગીરી ઝડપી બનાવવા માટે સ્થાનિક સ્તરે ટીમો કાર્યરત કરવામાં આવી છે.

સુરત મહાનગર પાલિકા વિસ્તારમાં દરેક ઝોનમાં સંબંધિત ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અથવા ઝોનલ ચીફના અધ્યક્ષપદ હેઠળ સમિતિ કાર્ય કરશે. સંબંધિત ઝોનના આકારણી અને વસૂલાત અધિકારી સભ્ય સચિવ રહેશે, જ્યારે આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર, ડેપ્યુટી મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ, રાજ્ય વેરા વિભાગના નાયબ કમિશનર અને સંબંધિત મામલતદાર સભ્ય તરીકે જોડાશે. તમામ ઝોનની સમિતિઓના નોડલ અધિકારી તરીકે મનપાના ડેપ્યુટી કમિશનર (ટેક્સ એન્ડ નોન-ટેક્સ)ને જવાબદારી સોંપવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા સહાય પેકેજની કેટેગરી-1થી 4 માટે સ્થાનિક સમિતિઓ અરજીઓની ચકાસણી, પ્રત્યક્ષ સરવે અને સહાય મંજૂરીની કાર્યવાહી કરશે. જ્યારે કેટેગરી-5થી 7 માટે સમગ્ર સુરત શહેર અને જિલ્લાના કેસોની ચકાસણી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરના અધ્યક્ષપદ હેઠળ રચાયેલી વિશેષ સમિતિ કરશે. સહાય મંજૂરી અથવા પુનઃ સરવે અંગે કોઈ વિવાદ કે તકરાર સર્જાય તો અસરગ્રસ્ત વેપારીઓ કલેક્ટરના અધ્યક્ષપદ હેઠળ રચાયેલી જિલ્લા કક્ષાની અપીલ સમિતિ સમક્ષ રજૂઆત કરી શકશે.રોકડ સહાય માટે અરજી કરવાની છેલ્લી તારીખ 30 સપ્ટેમ્બર, 2026 નક્કી કરવામાં આવી છે. જ્યારે વ્યાજ સહાય માટે સરકારના ઠરાવની તારીખથી છ મહિનાની અંદર અરજી કરી શકાશે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા પ્રત્યક્ષ સરવે તેમજ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીના આધારે જ સહાય મંજૂર કરવામાં આવશે.

## ટેક-ઓફ પહેલાં એરપોર્ટના રન-વે પર સાપ દેખાયો

**વિમાનમાં** બેઠેલા મુસાફરે વિડીયો ઉતારી સોશિયલ મીડિયામાં શેર કર્યો

**વન્યજીવ** બચાવ ટીમે સાપને સુરક્ષિત રીતે હટાવ્યો, ફ્લાઇટ ઓપરેશન પર કોઈ અસર નહીં

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટેક-ઓફ માટે તૈયાર વિમાનના મુસાફરોએ રન-વે પર સાપ દેખાતા આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. ઘટનાનો વીડિયો એક મુસાફરે પોતાના મોબાઇલમાં કેદ કરી સોશિયલ મીડિયામાં શેર કરતાં તે ઝડપથી વાયરલ થયો હતો. જોકે એરપોર્ટ સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું છે કે આ ઘટનાથી કોઈ પણ ફ્લાઇટના ઉડાન કે ઉતરાણના ઓપરેશન પર અસર પડી નહોતી.

મળતી માહિતી મુજબ, વિમાન રન-વે તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે સાપ નજરે પડ્યો હતો. એર ટ્રાફિક અને એરપોર્ટ સ્ટાફને જાણ થતાં તાત્કાલિક જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વન્યજીવ બચાવ ટીમે સ્થળ પર પહોંચી સાપને સુરક્ષિત રીતે પકડી એરપોર્ટ વિસ્તારની બહાર છોડ્યો હતો. ત્યારબાદ નિયમિત સુરક્ષા તપાસ પૂર્ણ થયા પછી ફ્લાઇટનું સંચાલન યથાવત્ રાખવામાં આવ્યું હતું. એરપોર્ટ સૂત્રોના જણાવ્યા મુજબ, રન-વે અને એરસાઇડ વિસ્તારમાં પક્ષીઓ અથવા અન્ય વન્યજીવો પ્રવેશી ન શકે તે માટે સતત પેટ્રોલિંગ અને મોનિટરિંગ કરવામાં આવે છે. આ ઘટનામાં પણ તમામ સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું હતું અને મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી હતી. ઘટનાનો વીડિયો ચર્ચાનો વિષય બન્યો હોવા છતાં ફ્લાઇટ ઓપરેશન સંપૂર્ણપણે સામાન્ય રહ્યું હતું.

# સ્મીમેરના તબીબોએ 26 અઠવાડિયે જન્મેલા બાળકને આપ્યું નવું જીવન

**જન્મ** સમયે બાળકના ફેંફસાં વિકસિત ન હતાં

**શરૂઆતમાં** ટ્યૂબ મારફતે ધીરે ધીરે દૂધ અપાયું



સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં માત્ર 26 અઠવાડિયાની ગર્ભાવસ્થામાં જન્મેલું અને જન્મ સમયે માત્ર 770 ગ્રામ વજન ધરાવતું અત્યંત અપરિપક્વ બાળક લાંબી અને પડકારજનક સારવાર બાદ સંપૂર્ણ સ્વસ્થ થઈ પોતાના પરિવાર સાથે ઘરે પરત ફર્યું છે.

જન્મ સમયે બાળકના ફેફસાં સંપૂર્ણ વિકસેલા ન હોવાથી તેને તાત્કાલિક શ્વાસની સહાયની જરૂર પડી હતી. તબીબોએ બાળકને તબક્કાવાર NIPPV, CPAP અને ઓક્સિજન સપોર્ટ આપીને તેની સ્થિતિ સ્થિર કરી હતી. સારવાર દરમિયાન બાળકને ગંભીર બ્લડસ્ટ્રીમ ઈન્ફેક્શન પણ થયું હતું, પરંતુ સમયસર નિદાન અને યોગ્ય એન્ટિબાયોટિક સારવારથી તેને સંપૂર્ણ નિયંત્રણમાં લેવામાં આવ્યું. અત્યંત પ્રિમેચ્યોર બાળક હોવાથી શરૂઆતમાં ટ્યુબ મારફતે ખૂબ ધીમે ધીમે દૂધ આપવાની શરૂઆત કરવામાં આવી હતી. બાળકની તબિયતમાં સુધારો થતાં તેને માતાનું દૂધ પીવડાવવામાં આવ્યું અને અંતે સંપૂર્ણ સ્તનપાન સફળતાપૂર્વક સ્થાપિત થયું.

NICUમાં સારવાર દરમિયાન બાળક પર સતત નજર રાખવામાં આવી હતી. શ્વાસની તકલીફ, ચેપ, હૃદય સંબંધિત સમસ્યાઓ અને વૃદ્ધિ જેવી સંભવિત જટિલતાઓ માટે નિયમિત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જરૂરિયાત મુજબ ફેફસાંની પરિપક્વતા વધારવા સ્ટેરોઈડ સારવાર પણ આપવામાં આવી હતી. લગભગ સાત અઠવાડિયાની સતત સારવાર બાદ બાળકની તબિયતમાં નોંધપાત્ર સુધારો થયો હતો. ઓક્સિજન સપોર્ટ સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો.

# ન્યૂઝમાં ફોટો જોઈ મહિલા વકીલે ચેઈન સ્નેચરને ઓળખી કાઢ્યો

**લસકાણા** પોલીસે પકડેલા કુખ્યાત ચેઈન સ્નેચરે જ મહિલા વકીલની માતાની ચેઈન ઝૂંટવી હતી

સુરતઃ મોટાવરાછા રિવરફ્રન્ટ રોડ પર ગત 24 જૂનના રોજ મહિલા વકીલના વૃદ્ધ માતાના ગળામાંથી સોનાનો ચેઈન ઝૂંટવી ફરાર થયેલા ગઠિયાનો આખરે ભેદ ઉકેલાયો છે. લસકાણા પોલીસે અન્ય ચેઈન સ્નેચિંગના ગુનામાં ઝડપી પાડેલા રાજકોટના કુખ્યાત આરોપીનો ફોટો ન્યૂઝમાં જોઈ મહિલા વકીલે તેની ઓળખ કરી કાઢતા મોટાવરાછા પોલીસમથકે તેના વિરુદ્ધ ફરિયાદ આપી છે.

અબ્રામા રોડ પર સહજાનંદ વિહાર બંગલોઝ સામે રહેતા અને સુરત કોર્ટમાં વકીલાત કરતા શીતલબેન મુકેશભાઈ પડસાલા (ઉં.વ.44) તેમના માતા રશીલાબેન (ઉં.વ.65) સાથે ગત 24 જૂને યમુનાચોક ખાતે સાડીની ખરીદી કરીને એક્ટિવા પર ઘરે પરત ફરી રહ્યા હતા. રાત્રે આશરે 8.15 વાગ્યે રિવરફ્રન્ટ રોડ પર શાકભાજી માર્કેટ નજીક પાછળથી બાઈક પર આવેલા ગઠિયાએ એક્ટિવા નજીક આવી રશીલાબેનના ગળામાંથી આશરે 40 ગ્રામના સોનાની ચેઈન પર ઝપાટો માર્યો હતો. અંદાજે 8થી 10 ગ્રામ વજનનો રૂ.60 હજાર કિંમતનો ટુકડો તસ્કરના હાથમાં આવી ગયો હતો, જ્યારે બાકીનો ભાગ નીચે પડી ગયો હતો. બે દિવસ પહેલાં લસકાણા પોલીસે ચેઈન સ્નેચિંગના ગુનામાં એક રીઢા આરોપીને ઝડપી પાડ્યાના સમાચાર અને તેનો ફોટો અખબારો તથા ન્યૂઝ ચેનલમાં પ્રકાશિત થયા હતા.

શીતલબેને ફોટો જોઈ તરત જ ઓળખી કાઢયો હતો. મોટાવરાછા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ઓળખ રાજકોટના નાણાવટી ચોક વિસ્તારમાં આવેલા રાજરાજેશ્વરી પાર્કમાં રહેતા વૃંશાંત ઉર્ફે શ્યામ વિજયભાઈ લાલજીભાઈ ધનેશા તરીકે કરી છે.